Seat No. : _______________

# AD-103

**April-2015**

**B.A., Sem.-VI**

**CC-312 : Gujarati**
**(Bhasha Vigyan ane Gujarati Bhasha no Parichay)**
**(New)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીની વિકાસ ભૂમિકા ભેદક લક્ષણો સાથે જણાવો. **14**

**અથવા**

ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો વિકાસ મહત્ત્વના પરિબળો અને ઉદાહરણો સાથે દર્શાવો.

2. અંગસાધક પ્રત્યય એટલે શું ? તત્સમ, તદ્ભવ અને ફારસી પૂર્વ પ્રત્યયો ઉદાહરણ સાથે જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બે**)

(1) અંગવિસ્તારક પ્રત્યયો

(2) ફારસી પરપ્રત્યયો

(3) સંસ્કૃત પરપ્રત્યયો

(4) સંસ્કૃત પૂર્વપ્રત્યયો

3. નીચેનામાંથી **બે** ટૂંકનોંધ લખો : **14**

(1) રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દો

(2) સમાસના પ્રકારો

(3) નિપાતો

(4) ઉદ્ગારવાચકો

4. નીચેનામાંથી **બે** ટૂંકનોંધ લખો : **14**

(1) બહુવચનના 'ઓ' પ્રત્યયનું પ્રયોગક્ષેત્ર

(2) વિકારી અને અવિકારી નામ-વિશેષણ

(3) વાક્યના પ્રકારો

(4) લિંગભેદે અર્થભેદ

5. નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પથી આપો : **14**

(1) સંસ્કૃતમાંથી સીધેસીધા અર્વાચીન ગુજરાતીમાં આવેલા શબ્દોને શું કહે છે ?
(a) તત્સમ્ (b) તદ્ભવ (c) દશ્ય

(2) 11મીથી 14મી સદી સુધીની ભાષા ભૂમિકાને 'મારુ-ગુર્જર' તરીકે કોણે ઓળખાવી છે ?
(a) કે.કા. શાસ્ત્રી (b) ઉમાશંકર જોશી (c) કે.હ. ધ્રુવ

(3) નીચેનામાંથી કયો શબ્દ ફારસી નથી ?
(a) શરાબ (b) કિલ્લો (c) ચાવી

(4) નીચેના શબ્દોમાં 'કુ' પૂર્વપ્રત્યય કયા શબ્દને લાગેલો છે ?
(a) કુવિચાર (b) કુમાર (c) કુંદન

(5) ગેરહાજરમાં લાગેલો પ્રત્યય કઈ ભાષાનો છે ?
(a) ગુજરાતી (b) ફારસી (c) સંસ્કૃત

(6) ઢેલડ, ઢોલક, નણદલ શબ્દના પ્રત્યયને કયા નામે ઓળખશો ?
(a) તત્સમ્ (b) અંગવિસ્તારક (c) તદ્ભવ

(7) નીચેનામાંથી રવાનુકારી શબ્દ કયો છે ?
(a) ટપટપ (b) બબડવું (c) ખંખેરવું

(8) આપણી ભાષામાં સંયોજકોનું કામ...
(a) વચન દર્શાવવાનું છે.
(b) વાક્ય અને પદોને જોડવાનું છે.
(c) સમાસ વિગ્રહનું છે.

(9) નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી છે ?
(a) આગગાડી (b) કુંભકાર (c) ખુશખબર

(10) સંયોજક વિનાની સંપૂર્ણ દ્વિરુક્તિ નીચેમાંથી કઈ નથી ?
(a) સાફસાફ (b) ગામેગામ (c) ઝબકઝબક

(11) ગુજરાતીમાં વચન વ્યક્ત કરવાની કેટલી રીત છે ?
(a) બે (b) ત્રણ (c) એક

(12) બહુવચનનો 'ઓ' પ્રત્યય કઈ સંજ્ઞાને લાગતો નથી ?
(a) દૂધ (b) માણસ (c) બાળક

(13) પુલ્લિંગ પરથી સ્ત્રીલિંગ બનાવવા કયો પ્રત્યય લાગે છે ?
(a) 'ઉ' (b) 'ઓ' (c) 'ઈ'

(14) જે વાક્યમાં કર્મની પ્રધાનતા હોય તેને કેવી વાક્ય રચના કહેવાય ?
(a) કર્તરિ (b) કર્મણિ (c) ભાવે

---